સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૯૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

૧૦ ઓગસ્ટ - ૨૦૨૪
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૨ - અંક - ૮


# જય અનાવિલ


## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)


RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.
કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦


સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-




tripoly
થઇ જાઓ તૈયાર અવે
યુરોપ વેકેશન
₹ ૧,૯૯,૯૯૯ /- થી શરૂ થાય છે
તમામ સમાવેશી પ્રસ્થાનો
અંગ્રેજી સ્પીકિંગ ટૂર મેનેજર (એક દાયકાના અનુભવ સાથે)
રંગીલો યુરોપ અને અધભુત યુરોપ પરસશાન (શુદ્ધ શાકાહારી ભોજન રસોઇયા અને કેરવાન સાથે)
ટોચની બ્રાન્ડેડ ૪ સ્ટાર હોટેલ્સમાં રહો
15 રાત | 16 દિવસ
યુરોપિયન બ્લીસ
યુકે, ફ્રાન્સ, બેલ્જિયમ, નેધરલેન્ડ, લક્ઝમબર્ગ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, લિકટેનસ્ટેઇન, ઓસ્ટ્રિયા, ઇટાલી, વેટિકન
પ્રસ્થાન તારીખો: 18મી મે/22મી જૂન
13 રાત | 14 દિવસ
મેજીકલ યુરોપ
ફ્રાન્સ, બેલ્જિયમ, નેધરલેન્ડ, લક્ઝમબર્ગ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, લિકટેનસ્ટેઇન, ઓસ્ટ્રિયા, ઇટાલી, વેટિકન
પ્રસ્થાન તારીખ: 20મી મે/24મી જૂન
14 રાત | 15 દિવસ
યુરોપિયન ડેલાઇટ્સ
ઇટાલી, ઓસ્ટ્રિયા, સ્વિટ્ઝર્લેન્ડ, જર્મની, નેધરલેન્ડ, બેલ્જિયમ, ફ્રાન્સ, યુકે
પ્રસ્થાન તારીખો: 10મી જૂન
12 રાત | 13 દિવસ
સ્પાર્કલિંગ યુરોપ
ઇટાલી, ઓસ્ટ્રિયા, સ્વિટ્ઝર્લેન્ડ, જર્મની, નેધરલેન્ડ, બેલ્જિયમ, ફ્રાન્સ
પ્રસ્થાન તારીખો: 12મી જૂન
14 રાત | 15 દિવસ
ગ્રાન્ડ યુરોપ
યુકે, ફ્રાન્સ, બેલ્જિયમ, નેધરલેન્ડ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, લિકટેનસ્ટેઇન, ઓસ્ટ્રિયા, ઇટાલી, વેટિકન
પ્રસ્થાન તારીખ: 16મી એપ્રિલ/4મી મે, 8મી જૂન
12 રાત | 13 દિવસ
યુરોપના અજાયબીઓ
ફ્રાન્સ, બેલ્જિયમ, નેધરલેન્ડ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, લિકટેનસ્ટેઇન, ઓસ્ટ્રિયા, ઇટાલી, વેટિકન
પ્રસ્થાન તારીખો: 18મી એપ્રિલ/6મી મે/10મી જૂન
06 રાત્રિઓ | 07 દિવસ
યુરોપિયન ધમાકા
ફ્રાન્સ, બેલ્જિયમ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ
પ્રસ્થાન તારીખો: 11મી મે
09 રાત્રિઓ | 10 દિવસ
યુરોપિયન ફ્યુઝન
ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, ઇટાલી, વેટિકન
પ્રસ્થાન તારીખ: 5મી એપ્રિલ/5મી જુલાઇ
14 રાત | 15 દિવસ
રંગીલો યુરોપ
ફ્રાન્સ, બેલ્જિયમ, નેધરલેન્ડ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, લિકટેનસ્ટેઇન, ઓસ્ટ્રિયા, ઇટાલી
પ્રસ્થાન તારીખો: 2જી મે
13 રાત | 14 દિવસ
અધભુત યુરોપ
નેધરલેન્ડ, બેલ્જિયમ, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, ઓસ્ટ્રિયા, જર્મની
પ્રસ્થાન તારીખો: 20મી મે
યુરોસ્કેપ લેડીઝ સ્પેશિયલ 09 રાત્રિઓ | 10 દિવસ
ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, ઇટાલી, વેટિકન પ્રસ્થાન તારીખો: 5મી એપ્રિલ
+૯૧ - ૮૫૯૧૯૫૬૧૭૩
ઓફીસ નં.૧૧૨, ઓપલે સક્વેર આઈ.ટી. પારક્ રોડ નં.૧૬, વાગલ ઇનડ્રીસટીયલ એસ્ટ્ટે, પડવલ નગર, થાણ (વસ્ટ્), થાણા - ૪૦૦૬૦૪

# રુદ્રી કાર્યક્રમ

શ્રી અનાવિલ સમાજ મુંબઈ મહિલા સમિતિ આયોજિત રુદ્રી કાર્યક્રમ, રવિવાર તા. ૨૫.૦૮.૨૦૨૪ નાં રોજ બપોરે ૩.૦૦ કલાકે, ૨૧૫, મગન મહલ, મથુરાદાસ વસનજી રોડ, અર્સા હોટેલની પાછળ, કોર્ટ લેન, અંધેરી પૂર્વ, મુંબઈ. મુકામે યોજવામાં આવ્યો છે. સૌ જ્ઞાતિજનોને આ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા વિનંતી. શ્રીમતી મીનાક્ષીબેન પંકજભાઈ દેસાઈ સ્પોનસર્ડ દ્વારા રૂદ્રી કાર્યક્રમ.

# શિવલિંગ દર્શન

શ્રી ગયા અંકમાં છાપેલ કાર્યક્રમ શિવલિંગ દર્શન, હાઈવે ના ખરાબ રસ્તાઓ અને ભારે ટ્રાફિકના કારણે રદ્ કરવામાં આવેલ છે. જેની જ્ઞાતિજનોએ નોંધ લેવી.

મીનાક્ષીબેન, ગીતાબેન તથા અન્ય મહિલા સમિતિ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ




શ્રી અનાવિલ સમાજ, મુંબઈ ને દાન માટે બેંક ઓફ ઇન્ડિયા નાં બાજુમાં દર્શાવેલ ફોટોને સ્કેન કરો.

A/c. No.
BOI 009010100005414



સ્વ. હેમલતાબેન ઠાકોરભાઈ નાયક
સ્વ.તા.૨૯-૭-૨૦૨૪

# શ્રધ્ધાંજલી

શ્રીમતી હેમલતાબેન ઠાકોરભાઈ નાયકના અવસાનની નોંધ લેતા શ્રી અનાવિલ સમાજ મુંબઈ ઘેરા દુ:ખની લાગણી અનુભવે છે અને કુટુંબ પર આવી પડેલ દુ:ખમાં સહભાગી થઇએ છીએ.

સ્વ.શ્રીમતી હેમલતાબેન ના પિતાશ્રી ઠાકોરભાઈ ગુલાબભાઈ મહેતા ના નામે અસહાય મહિલા સહાય ફંડની શરૂઆત થઇ હતી અને તાજેતર માંજ આ ફંડમાં તેમના માતા સ્વ.શ્રીમતી સુશીલાબેન તરફથી જ રૂ. ૧.૫૦ કરોડ નું અનુદાન મળેલ છે.

લી. કિરણભાઈ દેસાઈ પ્રમુખ તથા સર્વે કારોબારી સભ્યો

---



# અભિનંદન
## મારી દિકરી
## મારું અભિમાન

સરસ્વતીમાની કૃપાથી મારી પુત્રી હેત્વી કૃણાલ જસ્મિન દેસાઈએ 10મી ICSE બોર્ડની પરીક્ષા (2022)માં 96.6 ટકા મેળવ્યા હતાં. પછી કોલેજમાં વિજ્ઞાન (PCM) પસંદ કર્યું હતું અને HSCબોર્ડની પરીક્ષા (2024)માં 92.17 ટકા મેળવ્યા છે અને અમારા પરિવારનું નામ રોશન કર્યું છે. પરિવારનો દરેક સભ્ય તેના પ્રદર્શનથી ખૂબ જ ખુશ છે.

# સાભાર - સ્વીકાર

## લાઈફ મેમ્બરશીપ

| | | | |
|---|---|---|---|
| ૦૨.૭ | અસીમ એસ. વિદ્યાર્થી | ૪૨૭૪ | ૧,૦૦૦/- |
| ૦૨.૭ | અમીત દેસાઈ | ૪૨૭૫ | ૧,૦૦૦/- |

## અસહાય મહિલા સહાય ફંડ

૨૩.૭ સ્વ. શ્રીમતી સુશીલાબેન ઠાકોરભાઈ
મહેતા ની સ્મૃતિમાં ૧,૦૦,૦૦,૦૦૧/-
- નવસારી (એક કરોડ એક)

## લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ (એજ્યુકેશન પ્રોજેક્ટ)

૧૮.૭ બળવંતભાઈ નીછાભાઈ નાયક ૩,૦૦,૦૦૦/-
(ધર્મપત્ની સ્વ.વસુબેન બળવંતરાય નાયક ની સ્મૃતિમાં)
(મધુસૂદન દેસાઈ-અંધેરીના પ્રયત્નોથી)

૦૫.૭ એક શુભેચ્છક - ચર્ની રોડ ૨૦,૦૦૦/-

## એજ્યુકેશન ફંડ

૦૫.૭ એક શુભેચ્છક - ચર્ની રોડ ૨૦,૦૦૦/-

## પંચાગ

૯.૭ ગૌતમ વાય. દેસાઈ - વિલેપાર્લા ૫,૦૦૦/-

## જનરલ ડોનેશન

૯.૭ ગૌતમ વાય.દેસાઈ-વિલેપાર્લા ૫,૦૦૦/-
(શરદોત્સવ)

૧૬.૭ શ્રી નરેન્દ્રા દેસાઈ - બીલીમોરા ૧,૨૦૦/-

## જય અનાવિલ

૨૯.૬ મમતા બીમલ દેસાઈ ૧,૫૦૦/-

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

સ્થાપના : ૧૮૯૯

# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

સમસ્ત વિશ્વના અનાવિલો માટે અનાવિલોની એક માત્ર સંસ્થા

કરમુક્ત કલમ ૮૦-જી માન્ય

૨૧૫, મગન મહાલ, એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯. ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
Email : jaianavilpub@yahoo.com ✦ Website : www.anavilsamaj.org

## જ્ઞાતિની પ્રથમ અનાવિલ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ, લાભાર્થીઓને સૂચના

**૧. શૈક્ષણિક સહાય / લોન વ્યાજ યોજનાઓ :**

દેશમાં સ્નાતક/અનુસ્નાતક માન્ય અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સહાય અને એન્જિનીયરીંગ, તબિબિ, વ્યાવસાયિક માન્ય અભ્યાસક્રમો માટે ફીની રકમની બેંક લોન પર વ્યાજ અભ્યાસક્રમ દરમ્યાન આપવામાં આવે છે.

અ) સ્વ. કુણાલ યોગેશ દેસાઈ ઉચ્ચ અભ્યાસ બેંક લોન વ્યાજ યોજના
બ) હસમુખરાય એમ. દેસાઈ એન્જિનીયર્સ લોન વ્યાજ / સ્કોલરશીપ ફંડ યોજના
ક) સ્વ. મણિભાઈ લલ્લુભાઈ વશી શિક્ષણ સહાય યોજના
ડ) શ્રી. શાંતિલાલ રતનજી દેસાઈ સ્કોલરશીપ યોજના
ઇ) સ્વ. કીકીબેન ધીરુભાઈ નાયક સંશોધાત્મક લોન વ્યાજ યોજના
ઈ) શ્રી નરેન્દ્ર એમ. નાયક (કોથાકર) (કેમીકલ) શૈક્ષણિક ફંડ
ઉ) ચાઈલ્ડ એડોપ્શન સ્કીમ (શિક્ષણ માટે)
ઊ) મીસીસ નર્ગેશ ખુરશેદજી ડેડી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ

**૨. અસહાય મહિલા સહાય યોજનાઓ :**

અસહાય મહિલાઓને આર્થિક સહાય નીચેની યોજનાઓ અંતર્ગત આપવામાં આવે છે.

અ) સ્વ. ઠાકોરભાઈ ગુલાબભાઈ મહેતા અસહાય મહિલા સહાય
બ) સ્વ. રૂક્ષ્મણીબેન મણીભાઈ વશી વિધવા સહાય ફંડ
ક) સ્વ. શ્રીમતી સુશીલાબેન દીનકરરાય દેસાઈ અનાવિલ મહિલા સ્વરોજગાર યોજના ફંડ
ડ) મીસીસ નર્ગેશ ખુરશેદજી ડેડી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ

**૩. તબીબી સારવાર મદદ યોજનાઓ :**

તબીબી સરવાર માટે આર્થિક મદદ આપવામાં આવે છે.

અ) શ્રીમતિ શીલાબેન શાંતિલાલ શાહ મેડિકલ રીલીફ ફંડ
બ) સ્વ. કીકીબેન ધીરુભાઈ નાયક તબીબી સારવાર લોન ફંડ

**૪. શ્રીમતિ સુશીલાબેન નવનીતલાલ દેસાઇ મહિલા સ્વાશ્રય યોજના :**

અસહાય મહિલાઓને ઈલેક્ટ્રીક સિલાઈ મશીન સ્વરોજગારી માટે આપવામાં આવે છે.

**૫. સ્વ. શ્રીમતિ સુરેખાબેન નટવરલાલ મહેતા કીડની ડાયાલીસીસ યોજના :**

જ્ઞાતિમાં મુંબઇ, વલસાડ, ગણદેવી, નવસારી, સુરત ખાતે ઠરાવેલ હોસ્પિટલમાં તથા ભારતભરમાં કીડની ડાયાલીસીસ સુવિધા વિના મુલ્યે આપવામાં આવે છે.

**૬. સ્વ. માસ્તર શ્રી લલ્લુભાઈ પી. નાયક, સ્વ. શ્રીમતિ મણીબેન એલ. નાયક, સ્વ. શ્રીમતિ મધુમાલતી જી. નાયક, સ્વ. શ્રી મનુભાઈ એલ. નાયક આંખ ઓપરેશન યોજના :**

જરૂરીયાતમંદ અનાવિલોને ખર્ચ સામે રાહત માટે મદદ આપવામાં આવે છે.

**૭ વિદ્યાર્થી હોસ્ટેલ :** મર્યાદિત હોસ્ટેલ સુવિધા મુંબઈ ખાતે ઉપલબ્ધ છે (માત્ર ૭ વિદ્યાર્થી પુરતું)

**વિદ્યાર્થીની હોસ્ટેલ :** મર્યાદિત હોસ્ટેલ સુવિધા કાંદિવલી પૂર્વ મુંબઈ ખાતે ઉપલબ્ધ છે. (માત્ર ૧૫ વિદ્યાર્થીની પુરતું)

**૮ મંગલમ્ પંચાગ :**

દિવાળી, નૂતન વર્ષ શુભેચ્છા મંગલમ્ પંચાંગ સભ્યોને, અનાવિલ સંસ્થાઓના પદાધિકારીઓને મોકલવામાં આવે છે.

**૯. જય અનાવિલ :**

છેલ્લા ૨૦ વર્ષથી સમાજનું માહિતીસભર મુખપત્ર જય અનાવિલ દર મહિને સભ્યોને, વિના મુલ્યે મોકલવામાં આવે છે. જ્ઞાતિજનો/સંસ્થાઓને વિનંતી કે માહીતી, સમાચારો, જાહેરાતો મોકલવા.

પ્રવૃત્તિઓ અનુ. નં. ૧ થી ૭ નો લાભ ફક્ત આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને જ આપવામાં આવે છે. અરજદારોએ અનુક્રમાંક ૨ થી ૭ અરજીપત્રક મંગાવવા માટે પૂર્ણ નામ, ફોટા, સરનામા, ટેલી./મોબા. નંબર સાથે રૂા. ૫/- ની ટપાલ ટિકીટ ચોંટાડી કવર મોકલાવવા. અરજીમાં નામ, સરનામું, ગામ, ઉંમર, હેતુ વગેરે જણાવવું. ફોર્મ મેળવી, ભરીને સંસ્થામાં પરત કરવાની છેલ્લી તારીખ **તા.૩૧.૦૮.૨૦૨૪** છે. અનુ. નં. ૮ ના લાભ માટે કોઈ સભ્યબાધ નથી. અનુક્રમાંક ૧ માટે આ સાથે અલગથી છાપેલ વિગત સાથે અરજી કરવી.

**કુલ સહાયની ૯૯% સહાય દ. ગુજરાતમાં જ્ઞાતિજનોને કરતા સમાજને જ્ઞાતિજનો, દાતાઓ, શુભેચ્છકોને ઉદાર દિલે દાનો આપવા વિનંતી.**

**શ્રી અનાવિલ સમાજ, મુંબઇની વધુ વિગત દરેક અંકમાં બેંક વિગત સાથે છાપવામાં આવે છે.**

**બીપીન નાયક** – મંત્રી

મધુસુદન દેસાઈ – સહમંત્રી

# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

## અનાવિલ વિધાર્થીઓની માટે શૈક્ષણિક સહાય, શૈક્ષણિક લોન અને વ્યાજની અરજી માં આપવાની વિગત

૧. અરજદારનું નામ (ફોટો ઓળખ પત્રની પ્રતિ મોકલવી)
૨. માતા અને પિતાનું પુરૂં નામ..........................................................
(જો હયાત ન હોય તો નામ આગળ સ્વ. લખવું)
૩. માતા/પિતા ન હોય તો વાલીનું નામ............................................
૪. વાલી સાથે અરજદારનો સંબંધ..................................................
૫. દિવ્યાંગ અરજદારે વિગત જણાવવી અને સરકારી સર્ટીફીકેટ મોકલવું
૬. અરજીકર્તાનું સરનામું પીન કોડ સાથે
૭. અરજી કરનારના કુટુંબના સભ્યોની વિગત
૧. નામ..........................................................................
૨. ઉંમર........................................................................
૩. અરજીકર્તા સાથેનો સંબંધ..............................................
૪. હાલની પ્રવૃત્તિ (અભ્યાસ, નોકરી)..................................
૫. વાર્ષિક આવક..........................................................
૬. અરજદાર સાથે રહે છે કે નહી........................................
૮. કુટુંબની વાર્ષિક આવક (૨,૫૦,૦૦૦ થી ઓછી હોય તો આવકનો દાખલ મોકલવો)
૯. સંપર્ક માટેની વિગત
૧. ફોન નં. ૨. મોબાઈલ નં. ૩. ઈમેઈલ આઈડી
૧૦. અરજી કર્તાના રાષ્ટ્રિયકૃત બેંક એકાઉંટની વિગત
બેંકની પાસબુકના પહેલા પાનાની ઝેરોક્ષ કોપી અને એક રદ્દ કરેલ ચે /ઝેરોક્ષ મોકલવી
૧૧. વિદ્યાર્થીએ ૨૦૨૪માં પાસ કરેલ પરીક્ષાની વિગત : માર્ક શીટની કોપી, એ
૧૨. ૨૦૨૩-૨૪ વર્ષમાં કોલેજના જે અભ્યાસક્રમ માટે અરજી કરી છે તેની વિગત
સ્નાતક/ડીપ્લોમા વર્ષ (પ્રથમ/બીજો/ત્રીજો વિ.) સેમીસ્ટર અને ફીની વિગત આપવી
૧૩. શ્રી અનાવિલ સમાજ, મુંબઈના સભ્ય છો ?......................
જવાબ હા હોય તો સભ્યનું નામ.............................................
અને સભ્ય ક્રમાંક નં.....................
૧૪. સમાજ તરફથી ભુતકાળમાં સહાય મળી છે ?......................
જો સહાય મળી હોય તો વિગત આપવી કર્યા વર્ષમાં અને કેટલી ?
૧૫. સમાજની અન્ય કોઈ સહાય માટે અરજી કરી હોય તો વિગત આપવી
૧૬. વિદ્યાર્થીએ અભ્યાસ દરમિયાન કોઈ ક્ષેત્રમાં મળેલ વિશેષ સફળતા એસ.એસ.સી અને ત્યાર પછી સફળતાની વિગત અને સર્ટીફીકેટની ઝેરોક્ષ આપો

૧૭. અરજદારની સહી અને તારીખ...........................

શૈક્ષણિક લોનના વ્યાજ માટે અરજી કરનારે વધારામાં નીચેની માહિતિ આપવી

૧૮. લોન મંજૂર કરનાર બેંક / સંસ્થાનું નામ અને વિગત

૧. લોન મંજૂર થયાની રકમ ૨. વ્યાજ દર ૩. લોન મંજૂરીનો પત્ર

૪. બેંક સ્ટેટમેન્ટ

ઉપરની વિગતો માટે નીચે જણાવેલ દસ્તાવેજોની કોપી મોકલવી

૧. લોન મંજૂરી પત્ર ૨. પાસબુક ૩. બેંક લોન સ્ટેટમેંટ ૪. વ્યાજ સર્ટીફીકેટ

૧૯. બેંક ખાતાની વિગત

એક રદ્દ કરેલ ચેક / પાસબુક / બેંક લોન સ્ટેટમેંટના પહેલા પાનાની ઝેરોક્ષ મોકલવી

૨૦. અરજદારની સહી અને તારીખ

ખાસ સૂચના :

૧. અરજદારે અરજી મોકલતા પહેલાં દરેક વિગત ભરી સહી કરી છે એની ખાતરી કરવી.

નીચેની વિગતો માટે કોપી મોકલી છે ?

અ) કોલેજ અથવા અન્ય ફોટો ઓળખપત્ર (આઇ.ડી. કાર્ડ) ની કોપી.

બ) કુટુંબની વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦ થી ઓછી હોય તો આવકનું પ્રમાણપત્ર

ક) રાષ્ટ્રિયકૃત (Nationalised) બેંકની પાસબુકના પહેલા પાનાની અને ચેકની ઝેરોક્ષ

ડ) ગયા વર્ષે પાસ કરેલ પરીક્ષાની વિગતો દર્શાવતી માર્કશીટની કોપી

ચ) ચાલુ વર્ષ ૨૦૨૪ માટેના અભયાસક્રમની બોનાફાઇડ સર્ટીફીકેટ

છ) ફી રસીદની કોપી (છેલ્લી)

જ) દિવ્યાંગ હોય તો સર્ટીફીકેટની કોપી

ઝ) ખાસ સફળતા મેળવી હોય તો તે માટેના સર્ટીફીકેટની કોપી.

૨ મોકલેલ બધા જ દસ્તાવેજો (કોપી) પર અરજદારે <u>જાતે તારીખ સાથે સહી કરવી.</u>

૩ અરજદારે પોતાના સરનામાવાળા બે પોસ્ટકાર્ડ મોકલવા

૪ અધુરી અરજી સ્વીકાર કરવામાં આવશે નહિ.

૫ આ ફોર્મ માત્ર ડીપ્લોમા અને ધોરણ ૧૨ પછી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે છે.

૬ અરજી નીચેના સરનામે ૩૧ ઓક્ટોબર ૨૦૨૪સુધીમાં પહોંચતી કરવી.

**શ્રી અનાવિલ સમાજ, મુંબઇ**

**૨૧૫, મગન મહાલ, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઇ – ૪૦૦ ૦૬૯.**

ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧ Email : Jaianavilpub@yahoo.com

**નોંધ : વર્ષ ૨૦૨૪ પહેલાનું પ્રમાણપત્ર આપ્યું હોય એમણે વર્ષ ૨૦૨૪ની આવક સાથે સહી કરીને મોકલવું. ઉપરની સર્વ વિગતો મોકલાવશો.**

# બારેય માસ મેઘ ખાંગા થયા



આજકાલ સમાચાર, છાપામાં કે પછી કોઇના મોઢેથી સાંભળતા હસો કે બારેય માસ મેઘ ખાંગા થયા! આવો બારેય મેઘ ને ઓળખીએ બાર મેઘ શું છે? ગુજરાતી સાહિત્યમાં વરસાદના બાર પ્રકાર પાડેલા છે.

| | |
|---|---|
| ૧. ફરફર | ૨. છાંટા |
| ૩. ફોરા | ૪. કરા |
| ૫. પછેડીવા | ૬. નેવાધાર |
| ૭. મોમ મેહ | ૮. અનારધાર |
| ૯. મુશળધાર | ૧૦. ઢેફાભાંગ |
| ૧૧. પાણ મેહ | ૧૨. હેલી |

૧. ફરફર : જેનાથી ફક્ત હાથ પગના રુવાળા ભીના થાય તેવો નજીવો વરસાદ.

૨. છાંટા : ફરફરથી થોડો વધારે વરસાદ

૩. ફોરા : છાંટાથી મોટા ટીપાવાળો વરસાર

૪. કરા : ફોરાથી વધુ અને નાના બરફના ટુકડાનો વરસાદ

૫. પછેડીયા : પછેડીછી રક્ષણ થાય તેવો વરસાદ

૬. નેવાધાર : છાપરાના નેવા પરથી પાણીની ધાર વહે તેવો વરસાદ

૭. મોલમેહ : મોલ – પાકને પૂરતો થઇ રહે તેવો વરસાદ

૮. અનરાધાર : એક છાંટા ને બીજો છાંટો અડે અને ધાર થાય તેવો વરસાદ

૯. મુશળધાર : અનારાધારથી વધુ હોય એવો વરસાદ. મુશળ – સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે.

૧૦. ઠેફાં : વરસાદની તીવ્રતાથી ખેતરમાં માટીના ઢેફાં ભાંગી જાય તેવો વરસાદ

૧૧. પાણ મોહ : ખેતરો પાણીથી ભરાઇ જાય અને કૂવાના પાણી ઉપર આવી જાય એવો વરસાદ

૧૨. હેલી : અગિયાર પ્રકારના વરસાદથી કોઇ વરસાદ સતત એક અઠવાડિયું ચાલે તેને હેલી કહવેયા છે. ચોમાસું ચાલે છે ને એટલે યાદ રાખવું જરૂરી...

## અવસાન



| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| નવસારી | સ્વ. જીતેન ચંદ્રવદન દેસાઈ | ૦૮.૦૭.૨૪ |
| | સ્વ. પન્નાબેન રમાકાંત દેસાઇ | ૦૯.૦૭.૨૪ |
| હરીયા | સ્વ. મધુબેન ગુણવંતભાઈ દેસાઈ | ૧૧.૦૭.૨૪ |
| સુરત | સ્વ. જયશ્રીબેન નીલકંઠભાઈ દેસાઈ | ૧૨.૦૭.૨૪ |
| નવસારી | સ્વ. ઇશ્વરભાઈ છોટુભાઈ દેસાઈ | ૧૯.૦૭.૨૪ |
| સુરત | સ્વ. ભુપતભાઈ ઠાકોરભાઈ દેસાઈ | ૨૨.૦૭.૨૪ |
| જોળવા | સ્વ. મહેશભાઈ મંગુભાઈ દેસાઈ | ૨૩.૦૭.૨૪ |
| વાંજ | સ્વ. હર્ષદરાય વસનજી દેસાઈ | ૨૫.૦૭.૨૪ |
| સાંઠી | સ્વ. કૈલાશબેન દોલતરાય નાયક | ૨૭.૦૭.૨૪ |
| દેવધા/મુંબઈ | સ્વ.હેમલતાબેન ઠાકોરભાઈ નાયક | ૨૯.૦૭.૨૪ |
| બીલીમોરા | સ્વ.અમૃતલાલ ગુલાબભાઈ દેસાઈ (સદ્ગત શ્રી અનાવિલ સમાજ,મુંબઈ ના માજી મેનેજર મિતેશભાઈના પિતાશ્રી) | ૦૩.૦૮.૨૪ |

જ્ઞાતિજનોનાં અવસાન ની દુઃખ સાથે નોંધ લઈએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્મા એમનાં આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**શ્રી અનાવિલ સમાજ,મુંબઈના આગામી કાર્યક્રમો**

**શરદોત્સવ કાર્યક્રમ**

**ઓક્ટોબર ૨૦૨૪માં થનાર છે.**

**જેની વિગત આગામી અંકમાં પ્રસિદ્ધ થશે.**



## અભિનંદન

ખૂબ ખૂબ અભિનંદન રીની આનંદભાઈ નાયક મૂળ તરભોણ, હાલ અજિત સોસાયટી, નવસારી એ પાયલોટની ડિગ્રી થી પ્રાપ્ત કરેલ છે. International Aero Academy આ સિદ્ધિ હાંસલ કરી સમગ્ર અનાવિલ સમાજનું ગૌરવ વધારેલ છે.

## અભિનંદન



બળવંતરાય નીછાભાઈ નાયક, અંધેરી ૯૦ વર્ષની ઉમરે પણ સમાજનું હિત વિષે જાગૃત રહી શ્રી અનાવિલ સમાજ, મુંબઈને રૂા. ૩ લાખનું માતબર દાન બિલ્ડીંગ ફંડમાં આપ્યું છે તે માટે આભાર અને અન્યોને પ્રેરણારૂપ છે. સમાજને હોસ્ટેલ માટે દાનની ખૂબ જરૂર છે. આ માટે સમાજના કાર્યાલય અથવા મધુસૂદન દેસાઈનો સંપર્ક કરવા વિનંતી.

## જીવનનાં માર્ગે કઇ રીતે ચાલવું

માણસો પાસેથી શીખી એક દિવસ વાવાઝોડું અને પવન પણ ઝઘડવા લાગ્યાં કે સૌથી વધુ ઉપયોગી કોણ? બંને વચ્ચે સમાધાન ન થયું તો નારદમુની વચ્ચે આવ્યાં. તેમણે કહ્યું, તમે એક કામ કરો, સામે પેલું વડનું ઝાડ દેખાય છે ને? તેની પરિક્રમા કરી પરત આવો. એટલે તમને આપોઆપ જવાબ મળી જશે. વાવાઝોડું તો આ વાત સાંભળી દોડયું અને સેકન્ડોમાં જ પાછું આવી ગયું. પણ સાથે સાથે ધૂળ, પાંદડા અને કચરો લઇને આવ્યું. પવન ધીની ગતિએ પરિક્રમા કરવાં લાગ્યો અને જ્યારે પરત આવ્યો ત્યારે સાથે સુગંધ લેતો આવ્યો.

# કોણ રડે છે ?

(૧) જ્યારે તમે સવારના નાસ્તામાં કાંઇ ના લો ત્યારે પેટ રડે છે.

(૨) જ્યારે તમે ૨૪ કલાકમાં ૧૦ ગ્લાસ પાણી પીતા નથી ત્યારે કિડની રડે છે.

(૩) જ્યારે તમે ૧૧ વાગ્યા સુધી સૂઇ જતા નથી અને સૂર્યોદય સુધી જાગતા નથી ત્યારે પિત્તાશય રડે છે.

(૪) જ્યારે તમે ઠંડો અને પડતર ખોરાક ખાતા હો ત્યારે નાના આંતરડા રડે છે.

(૫) જ્યારે તમે વધુ તળેલો અને મસાલેદાર ખોરાક ખાવ ત્યારે મોટા આંતરડા રડે છે.

(૬) જ્યારે તમે ધુમ્રપાન, ગંદકી અને સિગારેટ અને બીડીના દૂષિત વાતાવરણમાં શ્વાસ લેતા હો ત્યારે ફેફસાં રડે છે.

(૭) જ્યારે તમે ખોરાકમાં જંક અને ફાસ્ટ ફૂડ ખાવ ત્યારે યકૃત રડે છે.

(૮) જ્યારે તમે વધુ મીઠું અને કોલેસ્ટ્રોલ થાય તેવું ભોજન લેતા હો ત્યારે હૃદય રડે છે.

(૯) સ્વાદ અને મુક્ત રીતે ઉપલબ્ધ  હોવાથી તમે વધુ મીઠાઈ ખાવ ત્યારે સ્વાદુપંડ રડે છે.

(૧૦) જ્યારે તમે અંધારામાં મોબાઈલ અને કમ્પ્યુટર સ્ક્રીનના પ્રકાશમાં કામ કરો ત્યારે આંખો રડે છે.

(૧૧) જ્યારે તમે નકારાત્મક વિચારો વિચારી શકો ત્યારે મગજ રડે છે.

(૧૨) ઉપરના બધા રડી ને શાકી જશે ત્યારે ‘‘સ્વ’’ અને ‘‘સ્વજનો’’ રડશે. માટે તમારા શરીરના ભાગોની કાળજી રાખો અને તેમને ભયભીત બનાવશો નહી.

આ બધા શરીરના ભાગો બજારમાં ઉપલબ્ધ

**આ બધા શરીરના ભાગો બજારમાં ઉપલબ્ધ નથી, અને ઉપલબ્ધ હોય તો પણ ખૂબ ખર્ચાળ છે અને સંભવતઃ તમારા શરીરમાં ગોઠવી શકાતા નથી. તેથી તમારા શરીરના અંગોને તંદુરસ્ત રાખો. અને અપનાવો આયુર્વેદ અને નિયમિત રીતે ચાલવાનું, કસરત, યોગ, ધ્યાન અથવા કોઇપણ પ્રવૃત્તિઓ કરો જેથી તમે તંદુરસ્ત રહી શકો!!!**

વાતને ખોટી ખોટી લંબાવવી નહીં,
સુખની ભૂક્કી જમાવતા રહેવું,
બધાથી દોસ્તી જોડતાં રહેવું,
રાગ લોભને દૂર ભગાડતા રહેવું...
પત્નિનો સામાન ઉપાડી લેવાનો
થાકો ત્યાં જ બેસી જવાનું,
ગમે ત્યારે જ્યુસ-શરબત પીતા રહેવાનું,
રોટરી - સિનિયરની ક્લબમાં જતાં રહેવાનું....
ના આવડે તોયે થોડું ગાઇ લેવું,
એકાંતમાં થોડું નાચી લેવું,
કોઇ જોઇ લે તો વ્યાયામ ગણાવવું,
મોજમાં રહેવું - મસ્ત રહેવું...
કંટાળો આવે તો સૂઇ જવું,
જાગી જાઓ તો સંગીત માણવું,
જાગતાં જાગતાં નસકોરા બોલાવો,
ટોકે કોઇ તો હળવું હસી લેવું....
રસોડામાં જઇ દુધની મલાઇ ખાઇ લેવી,
ના હોય તો થોડી ચ્હા બનાવી લેવી,
છોકરાઓનો ય નાસ્તો ટેસ્ટ કરી લેવો,
મન થાય તો ખાંડ પણ ખાઇ લેવાય...
સ્વાદ લેતા, દાદ દેતા, તૃપ્ત મનથી આનંદ લેતા
ધીમે રહી પોતે નિકળી જવું, પાકેલા પાન જેવું ખરી જવું...
'ફક્ત સિનિયર સિટિઝન' હોય;
એવાં આપણાં સો મિત્રો ને અર્પણ...
ગમે તો રહેજો 'ગમી'

**સંકલન - મધુસુદન દેસાઈ**

# તા. ૦૫.૦૮.૨૦૨૪ થી તા. ૦૫.૦૯.૨૦૨૪ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૦ | શ્રાવણ સુદ | ઓગષ્ટ ૨૦૨૪

*શુભ દિવસ

ૐ ઐં હ્રીં શ્રીં ક્લીં — શુભ લાભ

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૧૮ શ્રી મંગલમ્ સૂ.અ.૧૯.૧૧ |
|---|---|---|---|---|
| *૧ | સોમ | ૫ | આશ્લે. | શ્રાવણ માસ/શિવ પૂજન પ્રારંભ, શિવ પૂજન (ચોખા), ચંદ્ર દર્શન, બુધ વક્રી ૧૦.૨૭ (ચંદ્ર-સિંહ : ૧૫.૨૨) |
| ૨ | મંગળ | ૬ | મઘા | મંગળા ગૌરી પૂજન |
| ૩ | બુધ | ૭ | પૂ. ફા. | ઠકુરાણી/હરિયાળી ત્રીજ (ચંદ્ર-કન્યા : ૨૭.૧૫) |
| ૪ | ગુરૂ | ૮ | ઉ. ફા. | વિનાયક ચતુર્થી, બુધ પશ્ચિમાસ્ત |
| *૫ | શુક્ર | ૯ | હસ્ત | નાગ પંચમી, શ્રીનાથજીની ઉર્ધ્વભૂજાના દર્શન, મહાલક્ષ્મી સ્થાપન-પૂજન, જીવંતીકા પૂજન |
| ૬ | શનિ | ૧૦ | ચિત્રા | કલ્કી જયંતી, રાંધણ છઠ્ઠ (ચંદ્ર-તુલા : ૧૬.૧૮) |
| ૭ | રવિ | ૧૧ | સ્વાતિ | ભાનુ/શીતળા સપ્તમી, સપ્તમી વૃદ્ધિ તિથિ |
| ૭ | સોમ | ૧૨ | સ્વાતિ | ગો. તુલસીદાસ જયંતી, શિવ પૂજન (તલ), વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૨૮.૧૫) |
| ૮ | મંગળ | ૧૩ | વિશાખા | દુર્ગાષ્ટમી, મંગળા ગૌરી પૂજન, વિંછુડો |
| *૯ | બુધ | ૧૪ | અનુરાધા | હરિ જયંતી, બગીચા નોમ, વિંછુડો, પતેતી |
| ૧૦ | ગુરૂ | ૧૫ | જયેષ્ઠા | ભારતીય સ્વાતંત્ર્ય દિન, ઝુલન યાત્રા પ્રા., પારસી નવ વર્ષ, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૧૨.૫૩) |
| *૧૧ | શુક્ર | ૧૬ | મૂળ | પુત્રદા / પવિત્રા એકાદશી (શિંગોડા), દામોદર દ્વાદશી, સૂર્ય મઘા-સિંહમાં ૧૯.૪૫, વાહન શિયાળ, સ્ત્રી. પુ., ચં. ચં. |
| ૧૨ | શનિ | ૧૭ | પૂ. ષા. | પવિત્રા બારસ, બુદ્ધ દ્વાદશી, શનિ પ્રદોષ, ત્રયોદશી ક્ષય તિથિ, વિષ્ણુ પવિત્રારોપણ (ચંદ્ર-મકર : ૧૭.૨૯) |
| ૧૪ | રવિ | ૧૮ | ઉ. ષા. | - |
| *૧૫ | સોમ | ૧૯ | શ્રવણ | શિવ પૂજન (મગ), વ્રતની/નાળિયેરી/શ્રાવણી પૂર્ણિમા, રક્ષાબંધન સાંજે, હયગ્રીવ જયંતી, ઝુલન યાત્રા/ કોકિલા વ્રત સ., અમરનાથ યાત્રા, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૧૯.૦૧) |
| ૧ | મંગળ | ૨૦ | શત. | હિંડોળા સ., પંચક, મંગળા ગૌરી પૂજન |
| ૨ | બુધ | ૨૧ | પૂ. ભા. | પંચક, બુધ પૂજન (ચંદ્ર-મીન : ૧૯.૧૩) |
| ૩ | ગુરૂ | ૨૨ | ઉ. ભા. | હિંડોળા વિજય શ્રૃંગારમાં, કજલી ત્રીજ, બોળ ચોથ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૧.૦૨, બુધ વક્રી કર્કમાં ૬.૪૪ |
| ૪ | શુક્ર | ૨૩ | રેવતિ | નાગ પંચમી, અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૧૯.૫૫, પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૯.૫૫) |
| ૫ | શનિ | ૨૪ | અશ્વિની | ષષ્ઠી ક્ષય તિથિ, રાંધણ છઠ્ઠ, શુક્ર કન્યામાં ૨૫.૧૮ |
| ૭ | રવિ | ૨૫ | ભરણી | ભાનુ / શીતળા સપ્તમી (ચંદ્ર-વૃષભ : ૨૨.૩૦) |
| *૮ | સોમ | ૨૬ | કૃતિકા | શિવ પૂજન (જવ), શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ, નિશિથકાળ ૨૪.૧૮ થી ૨૫.૦૩, કાલાષ્ટમી, બુધ પૂર્વોદય |
| ૯ | મંગળ | ૨૭ | રોહિણી | શ્રી જયંતી (રામાનુજ), ગોપાલ કાલા, જન્માષ્ટમી, નંદ મહોત્સવ (ચંદ્ર-મિથુન : ૨૭.૪૨) |
| *૧૦ | બુધ | ૨૮ | મૃગ. | શ્રી રણછોડરાયજી (ડાકોર) નો પલના વિજય |
| *૧૧ | ગુરૂ | ૨૯ | આર્દ્રા | અજા એકાદશી (ખારેક), બૃહસ્પતિ પૂજન |
| ૧૨ | શુક્ર | ૩૦ | પુન. | જીવંતીકા પૂજન, સૂર્ય પૂર્વ ફાલ્ગુનીમાં ૧૫.૪૭, વાહન ઉંદર, સ્ત્રી. સ્ત્રી., સૂ. ચં. (ચંદ્ર-કર્ક : ૧૧.૩૪) |
| ૧૩ | શનિ | ૩૧ | પુષ્ય | શનિ પ્રદોષ, પર્યુષણ પર્વારંભ-ચતુર્થી પક્ષ, કૈલાશ યાત્રા |
| ૧૪ | રવિ | ૧ | આશ્લે. | સપ્ટેમ્બર : શિવરાત્રિ, અઘોરા ચતુર્દશી, પર્યુષણ પર્વારંભ પંચમી પક્ષ, હર્ષલ વક્રી ૨૦.૪૯ (ચંદ્ર-સિંહ : ૨૧.૪૯) |
| ૩૦ | સોમ | ૨ | મઘા | શિવ પૂજન(સત્તુ), અમાવસ્યા વૃદ્ધિ તિથિ, સોમવતી/પિઠોરી /દર્શ અમાવસ્યા, માતૃકા દિન |
| ૩૦ | મંગળ | ૩ | પૂ. ફા. | મંગળાગૌરી પૂજન, શિવપૂજન સમાપ્ત |

મધ જેવું મીઠું પરિણામ જોઈતું હોય તો, મધમાખીની જેમ સંપીને રહેવું પડે.





# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

**મુંબઇ** : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વેં), મુંબઇ–૫૬. નેવીલ ડી. દેસાઇ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

**નવસારી** : જી–૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી–૩૯૬૪૪૫ દેવાંગ દેસાઇ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

**સુરત** : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઇ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

**E-mail : difcoinv@gmail.com**

# શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

**ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬**
**ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩**

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

# હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિંકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com




# ડૉ. જાગૃતિ દેસાઈ

❖ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી)
ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી

❖ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન વગર આધુનિક પદ્ધતિથી થશે.





❖ ઝામર, રેટિના (પડદા)ના નિષ્ણાત ડૉક્ટર મળશે.

❖ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.

❖ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ

## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં.૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૯૯૯૪૧૫૨

સમય : સવારે ૧૦ થી ૮ રાત્રે સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-





ડાયાબિટીસ અને ઝામર ના પેશન્ટો માટે લેટેસ્ટ ટોપકોન, ઓ.સી.ટી. (આંખો માટે સીટી સ્કેન) મશીન હવે ઓક્યુલસ આઈ હોસ્પીટલ માં ઉપલબ્ધ

# સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઇશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઇ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

## ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. - તંત્રીશ્રી

## જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-


તંત્રી શ્રી મધૂસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યુ.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

શ્રી અનાવિલ સમાજ, મુંબઈ
હોસ્ટેલ વીક્રમ સોસાયટી, ઓરા ડાયમંડ ફેક્ટરીની સામે,
અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩